RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૫૮ તા.૦૨ –૦૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નીરવ પ્રવિણચંદ્ર અવસ્થી
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન,
ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ટાઉન પ્લાનીંગ

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નીરવ પ્રવિણચંદ્ર અવસ્થીની તા. ૩૦–૦૧–૧૨ની અરજીથી સેન્ટ્રલઝોન વોર્ડ નં.૧૦, સર્વે નં. ૧૮૨૫ તથા ૧૮૩૦માં મંજુર પ્લાન વિરુદ્ધ થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની અરજીને દબાવી દેવા / ગેરવલ્લે કરવા બાબત તેમજ મુદ્દા નં.(૧) નાગરિકો તરફથી પ્લાન વિરુદ્ધ ગેરકાયદેસર બાંધકામોની જાણ / ફરીયાદની અરજીઓનો કેટલા દિવસમાં નિકાલ કરવામાં આવે છે ? (૨) આવી અરજીઓ દર્શાવેલ સ્થળે સ્થળ તપાસ કરવામાં આવે છે ? (૩) તે અંગેની જાણ ઉપલા વર્ગના અધિકારીને કરવામાં આવે છે ખરી ? વિ.મુદ્દા નં.(૧)થી (૩૦)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૫૮/૨૦૧૧–૧૨

શ્રી નીરવ પ્રવિણચંદ્ર અવસ્થીની તા. ૩૦–૦૧–૧૨ની અરજીથી સેન્ટ્રલઝોન વોર્ડ નં. ૧૦, સર્વે નં. ૧૮૨૫ તથા ૧૮૩૦માં મંજુર પ્લાન વિરુદ્ધ થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની અરજીને દબાવી દેવા / ગેરવલ્લે કરવા બાબત તેમજ મુદ્દા નં.(૧) નાગરિકો તરફથી પ્લાન વિરુદ્ધ ગેરકાયદેસર બાંધકામોની જાણ/ફરીયાદની અરજીઓનો કેટલા દિવસમાં નિકાલ કરવામાં આવે છે ? (૨) આવી અરજીઓ દર્શાવેલ સ્થળે સ્થળ તપાસ કરવામાં આવે છે ? (૩) તે અંગેની જાણ ઉપલા વર્ગના અધિકારીને કરવામાં આવે છે ખરી ? વિ.મુદ્દા નં.(૧)થી (૩૦)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૫૭ તા. ૯–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, ટાઉન પ્લાનીંગ તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળ્યેથી નારજગીના કિસ્સામાં તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને મ.જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૬૩૭ તા.૧૪–૩–૧૨થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન /આરટીઆઈ/જાવક/૨૪૦૯ તા. ૨૧–૨–૧૨ થી નિયત સમય અવધિ બાદ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૫૬૨ તા. ૩–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ.નં./૬૩૦ તા. ૭–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ.નં./૬૨૬ તા. ૫–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, નગર નિયોજક તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૨૯ તા. ૭–૩–૧૨થી શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ખાતા તરફથી પત્ર નં. ટી.ડી.ઓ./૧૫ તા. ૪–૫–૧૨ થી પૂરક વિગતોમાં શહેર વિકાસ (મધ્યસ્થ) તરફથી પત્ર નં. ટી.ડી.ઓ./૬૪૩ તા. ૩૧–૩–૧૨થી સેન્ટ્રલઝોનને ફરી તબદીલ કરેલ પત્રની નકલ , સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન /આરટીઆઈ/જાવક/૨૪૦૯ તા. ૨૧–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારના તા.૩૦–૧–૧૨ના પત્રની નકલ, અરજદારના તા. ૨૩–૧૨–૧૧ના પત્રની નકલ, અરજદારના તા.૩૦–૧૧–૧૧ના પત્રની નકલ, ફી ભર્યા રસીદની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૩૦–૦૧–૧૨ની અરજીથી સેન્ટ્રલઝોન વોર્ડ નં. ૧૦, સર્વે નં. ૧૮૨૫ તથા ૧૮૩૦ માં મંજુર પ્લાન વિરુદ્ધ થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની અરજીને દબાવી દેવા / ગેરવલ્લે કરવા બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન / આરટીઆઈ/જાવક/૨૪૦૯ તા. ૨૧–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ. જે નગર નિયોજક (ટીપી)તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૨૬ તા. ૫–૩–૧૨થી સેન્ટ્રલઝોનને તબદીલ કરેલ તથા પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૬૨૯ તા. ૭–૩–૧૨થી શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ. જે શહેર વિકાસ(મધ્યસ્થ) તરફથી પત્ર નં. ટી.ડી.ઓ./૬૪૩ તા. ૩૧–૩–૧૨થી સેન્ટ્રલઝોનને ફરી તબદીલ કરેલ. જેના અનુસંધાને અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

મુદ્દા નં.(૧) નાગરિકો તરફથી પ્લાન વિરુદ્ધ ગેરકાયદેસર બાંધકામોની જાણ/ફરીયાદની અરજીઓનો કેટલા દિવસમાં નિકાલ કરવામાં આવે છે ?તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આઉટ નં. ૨૫૬૨ તા. ૩–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " ગેરકાયદેસર બાંધકામ અંગે આવેલ અરજી / ફરીયાદ કેટલા દિવસમાં નિકાલ કરવાની હોય છે તેવી કોઈ જોગવાઈ કરેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પર નથી." તેવું જણાવેલ.

(૨) આવી અરજીઓ દર્શાવેલ સ્થળે સ્થળ તપાસ કરવામાં આવે છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " આવેલ અરજીને ધ્યાને રાખી સ્થળ તપાસ કરવાની રહે છે." તેવું જણાવેલ.

(૩) તે અંગેની જાણ ઉપલા વર્ગના અધિકારીને કરવામાં આવે છે ખરી ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સ્થળ તપાસ કરી ઉપલા વર્ગના અધિકારીને રીપોર્ટ કરવામાં આવે છે. " તેવું જણાવેલ.

(૪) અરજીમાં જણાવેલ સ્થળે સ્થળ તપાસ કરતાં બાંધકામો ગેરકાયદેસર હોય તો આગળની કાર્યવાહી માટે ઝોનલ ઓફિસર/ ઝોનલચીફને રીપોર્ટ કરવામાં આવે છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સ્થળ તપાસ કરી ઉપલા વર્ગના અધિકારીને રીપોર્ટ કરવામાં આવે છે. " તેવું જણાવેલ.

(૫) ગેરકાયદેસર બાંધકામ વિરુદ્ધની અરજી મળ્યે કેટલા દિવસમાં સંબંધિત બાંધકામ કરનારને નોટીસ આપવામાં આવે છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ગેરકાયદેસર બાંધકામ અંગે આવેલ અરજી / ફરીયાદ કેટલા દિવસમાં નિકાલ કરવાની હોય છે તેવી કોઈ જોગવાઈ કરેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પર નથી." તેવું જણાવેલ.

(૬) ગેરકાયદેસર બાંધકામ વિરુદ્ધની અરજી મળ્યે કેટલા દિવસમાં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલેશન કરવામાં આવે છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " આ સાથે બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૦(૧)(અ) મુજબની કારણદર્શક નોટીસમાં જણાવ્યા મુજબ કાર્યવાહી થઈ શકે. જેની નકલ આ સાથે સામેલ છે. " તેવું જણાવેલ.

(૭) ગેરકાયદેસર બાંધકામો અંગે આવેલ અરજીઓ ગેરવલ્લે/ દબાવી દેનાર કર્મચારી સામે કયા પ્રકારના પગલાં લઈ શકાય ? કઈ કલમ હેઠળ તેમાં કયા પ્રકારની સજાની જોગવાઈ છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ફરજમાં બેદરકારી દાખવવા બદલ સંબંધિત કર્મચારી સામે બી.પી.એમ.સી.એકટની કલમ–૫૬(૨) મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકે." તેવું જણાવેલ.

(૮) સેન્ટ્રલઝોનમાં મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામના સ્થળોએ કયા વર્ગના અધિકારીઓ સ્થળ તપાસ કરે છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી" સેન્ટ્રલઝોનમાં મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામના સ્થળોએ જુનીયર ઈજનેર/આસી.ઈજનેર તથા ડે.ઈજનેર કક્ષાના અધિકારીઓ સ્થળ તપાસ કરે છે." તેવું જણાવેલ.

(૯) એક વોર્ડમાં કેટલા કર્મચારી ફાળવેલ છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " દરેક જુનીયર ઈજનેર/આસી.ઈજનેર/પટાવાળા કક્ષાના કર્મચારીને બે/ત્રણ વોર્ડ ફાળવવામાં આવેલ છે." તેવું જણાવેલ.

(૧૦) કર્મચારીઓના સ્થળ તપાસ કરવા પ્લાન મંજુર થાય ત્યાંથી બાંધકામ પૂર્ણ થાય ત્યાં સુધી સ્થળ ઉપર વિઝીટ મારવાની હોય છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " પ્લાન મંજુર થાય ત્યારથી બાંધકામ પૂર્ણ થાય ત્યાં સુધી જી.ડી.સી.આર.ના પ્રકરણ ૬ અને ૭ મુજબ કાર્યવાહી કરવાની રહે છે જેની નકલ આ સાથે સામેલ છે." તેવું જણાવેલ. (૧૧) સ્થળ વિઝીટ કર્યાની નોંધ/ ડાયરી લખવામાં આવે છે ખરી ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સ્થળ વિઝીટ કર્યાની નોંધ વર્ક ડાયરીમાં લખવાની રહે છે." તેવું જણાવેલ.

(૧૨) સાઈટ સુપરવાઝરને વાહનભથ્થુ આપવામાં આવે છે ? કેટલા રૂપિયા ? તે વિશે કોઈ માહિતી આપ્યાનું જણાતું નથી.

(૧૩) ૧૦/૧૮૨૫ થી નોંધાયેલ મિલકતના મંજુર પ્લાન મુજબ મહાલક્ષ્મી માતાની ગલીમાં કેટલા ફુટ લાઈનદોરી છોડવામાં આવી છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ૧૦/૧૮૨૫ વાળી મિલકતે લાઈનદોરીની અસર દર્શાવતા પાર્ટ પ્લાનની નકલ રૂા. ૫૦૦/– ભર્યેથી મળી શકશે." તેવું જણાવેલ.

(૧૪) જમીન માલિકને લાઈનદોરીમાં છોડેલ જમીન પેટે કેટલા રૂપિયા ચૂકવવામાં આવનાર/ચૂકવેલ છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૪૦૯ તા. ૨૧–૨–૧૨થી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ છે" તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં. ટીપીડી/ આરટીઆઈ/આ.નં./ ૬૩૦ તા. ૭–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૧૩ અને ૧૪માં " પ્રશ્નવાળી

જમીન વોર્ડ નં. ૧૦, નોંધ નં. ૧૮૨૫ને સુરત મહાનગરપાલિકાની લાઈનદોરીની અસર થતી નથી. " તેવું જણાવેલ.
(૧૫) ૧૦/૧૮૨૫ થી નોંધાયેલ મિલકતે લાઈનદોરી છોડી હોય તો હયાત સ્ટ્રીટ લાઈટ પોલ નં. ૧૪૧૧ ને મ.ન.પા.એ કબ્જે લીધેલ જગ્યામાં શીફટીંગ કરવા અંગે સેન્ટ્રલઝોન સ્ટ્રીટ લાઈટ ખાતાને કઈ તારીખથી કયા પત્ર નંબરથી જાણ કરવામાં આવેલ ? તેની નકલ આપશો. તે વિશે કોઈ માહિતી આપ્યાનું જણાતું નથી.
(૧૬) ૧૦/૧૮૨૫ થી નોંધાયેલ મિલકતમાં થયેલ પ્લાન વિરુદ્ધ ગેરકાયદેસર બાંધકામો અંગે મારી સ ેન્ટ્રલઝોનને વારંવાર ફોનથી ફરીયાદોની વિગત તારીખ સહિત ટેલીફોન રજીસ્ટરમાંથી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " આપે માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા મળી આવેલ નથી." તેવું જણાવેલ.
(૧૭) ૧૦/૧૮૨૫ થી નોંધાયેલ મિલકતમાં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન કઈ તારીખે કરવામાં આવ્યું ? કેટલા ચો.મી. બાંધકામો તોડવામાં આવ્યુ ? ડીમોલીશન કરવામાં આવેલ ભાગ પ્લાન વિરુદ્ધ ગેરકાયદેસર હતો ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ૧૦/૧૮૨૫ વાળી મિલકતે સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં આપે માંગ્યા મુજબની માહિતી મળી આવેલ નથી. " તેવું જણાવેલ.
(૧૮)ડીમોલીશન ચાર્જ પેટે મહાનગરપાલિકાએ કેટલા રૂપિયાની વસુલાત લીધી ? સદર ડીમોલીશન કાર્યવાહીમાં સ્થળ ઉપર હાજર કર્મચારી/અધિકારીઓનાં નામ, નંબર તથા હોદ્દો આપવા ? તેમજ ડીમોલીશન મંજુરી રીપોર્ટની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ૧૦/૧૮૨૫ વાળી મિલકતે સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં આપે માંગ્યા મુજબની માહિતી મળી આવેલ નથી. " તેવું જણાવેલ.
(૧૯) ૧૦/૧૮૨૫ થી નોંધાયેલ મિલકતના બેઝમેન્ટનું ખોદાણ કરતી વખતે મ.ન.પા.નો સ્ટ્રીટલાઈટ પોલ નં. ૧૪૧૧ તોડી પાડવામાં આવેલ હતો તેની નુકશાની પેટે બિલ્ડર પાસેથી કેટલા રૂપિયા વસુલાત લીધા ? તેની કોઈ માહિતી જાહેર માહિતી અધિકારીએ આપેલ જણાતી નથી.
(૨૦) ૧૦/૧૮૨૫ થી નોંધાયેલ મિલકતમાં બનાવવામાં આવેલ અન્ડર ગ્રાઉન્ડ બેઝમેન્ટ મંજુર પ્લાનમાં દર્શાવવામાં આવેલ છે ? આ બેઝમેન્ટો કાયદેસર છે કે ગેરકાયદેસર ? ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ૧ ૦/૧૮૨૫ વાળી મિલકતે સેન્ટ્રલઝોન ખાતેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. " તેવું જણાવેલ.
(૨૧) ૧૦/૧૮૨૫ થી નોંધાયેલ મિલકતમાં અગાઉ કરેલ ડીમોલીશનવાળા ભાગને કવર કરી રૂમો બનાવી દેવામાં આવેલ છે ? તે કાયદેસર પ્લાન મુજબ છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ૧૦/૧૮૨૫ વાળી મિલકતે સેન્ટ્રલઝોન ખાતેથી ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી." તેવું જણાવેલ.
(૨૨) ૧૦/૧૮૨૫ થી નોંધાયેલ મિલકતમાં ડીમોલીશન કરેલ ભાગ જો કાયદેસર હોય તો તા. ૩૦–૧૧–૧૧ની અરજી તથા તા. ૨૩–૧૨–૧૧ની અરજી મુજબ ગેરકાયદેસર બાંધકામ કયા કારણોસર તોડવામાં આવ્યુ નથી ? અરજી કયા કારણોસર દબાવી રાખવામાં આવી છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સેન્ટ્રલઝોનના રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. કારણો કે અભિપ્રાય આપવાના રહેતા નથી " તેવું જણાવેલ. પરંતુ બન્ને અરજીઓ અંગે શું કાર્યવાહી કરી તેની કોઈ વિગત જાહેર માહિતી અધિકારીએ આપેલ નથી.
(૨૩) ૧૦/૧૮૩૦ થી નોંધાયેલ મિલકતની દક્ષિણે આવેલ ૫ ફુટની બંધ ગલીના ભાગે કેટલા ફુટ લાઈનદોરી છોડાવવામાં આવી છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ૧૦/૧૮૩૦ વાળી મિલકતે લાઈનદોરીની અસર દર્શાવતો પાર્ટ પ્લાનની નકલ રૂા. ૫૦૦/– ભર્યેથી મળી શકશે." તેવું જણાવેલ.
(૨૪) ૧૦/૧૮૩૦થી નોંધાયેલ મિલકતની ઉત્તરે(સોની ફળિયા મેઈન રોડ તરફના ભાગે) આવેલ ૫ ફુટની બંધ ગલીના ભાગે કેટલા ફુટ લાઈનદોરી છોડાવવામાં આવી છે ? (૨૫) આ લાઈનદોરીનો કબ્જો મહાનગરપાલિકાએ કયા કારણોસર લીધો નથી ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૪૦૯ તા. ૨૧–૨–૧૨થી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ છે." તેવું જણાવેલ. (૨૬) ૧૦/૧૮૩૦ ની કબ્જામાં લીધેલ જમીન પેટે કેટલા રૂપિયા ચૂકવ્યા/ચૂકવવામાં આવનાર છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ.નં./૬૩૦ તા. ૭–૩–૧૨થી મુદ્દા નં. ૨૪ થી ૨૬ અંગે નિયત સમય અવધિ બાદ" પ્રશ્નવાળી જમીન વોર્ડ નં. ૧૦, નોંધ નં. ૧૮૩૦ને સુરત મહાનગરપાલિકાની લાઈનદોરીની અસર થતી નથી. " તેવું જણાવેલ.
(૨૭) ૧૦/૧૮૩૦ થી નોંધાયેલ મિલકતદારે પ્લાન વિરુદ્ધ દક્ષિણ તરફના ભાગે ૬ ફુટ વધારાનો સ્લેબ બહાર કાઢી બાંધકામ કરવામાં આવ્યું ? જે ગેરકાયદેસર છે ? તેનું ડીમોલીશન કયારે કરવામાં આવશે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ૧૦/૧૮૩૦ વાળી મિલકતે ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી." તેવું જણાવેલ.
(૨૮) વોર્ડ નં. ૧૦/૧૮૩૦ થી નોંધાયેલ મિલકતમાં ગેરકાયદેસર બાંધકામ ચાલુ છે ? તેની સાઈટ વીઝીટ કયારે કયારે કરવામાં આવી ? કોણે કરી? તે કર્મચારીનું નામ તથા હોદ્દો જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં આપે માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ. જે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના મુદ્દા નં. ૧૧ ની માહિતી પ્રત્યુત્તર સાથે સુસંગત નથી. સાઈટ વિઝીટ કરી કે ન કરી તે અંગેની સ્પષ્ટ વિગતો આપવી રહે.
(૨૯) વોર્ડ નં. ૧૦/૧૮૩૦ થી નોંધાયેલ મિલકતનો પ્લાન કેટલા માળનો મંજુર થયેલ છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " વોર્ડ નં. ૧૦/૧૮૩૦ વાળી મિલતકમાં ભોંયતળિયા +૩(ત્રણ) માળની વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે." તેવું જણાવેલ.

(૩૦) વોર્ડ નં. ૧૦/૧૮૩૦ થી નોંધાયેલ મિલકતમાં દક્ષિણ તરફ ૫ ફુટની ગલીમાં છોડાવવામાં આવેલ ૮ ફુટ જેટલી જગ્યા કયા હેતુસર છોડાવવામાં આવી છે ? તેની ઉપર મિલકતદાર બાંધકામ કરે તો કાયદેસર ગણાય ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી" ૧૦/૧૮૩૦ વાળી મિલકતે આપેલ વિકાસ પરવાનગી મુજબ દક્ષિણે લાગુ ગલીએ ૧.૬૭ મી.નો સેટબેક તથા ૧.૫ મી. નું માર્જીન છોડી બાંધકામ દર્શાવવામાં આવેલ છે. માર્જીનવાળા ભાગ ઉપર થયેલ બાંધકામ ગેરકાયદેસર ગણી શકાય." તેવું જણાવેલ.

વધુમાં અરજદારને અપીલ તબક્કે માહિતી મળ્યેથી નારાજગીના કિસ્સામાં તેમનો પક્ષ રજૂ કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ માહિતી અત્રે મળેલ જણાતી નથી તથા મળેલ માહિતી અંગે નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરેલ નથી.

જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન દ્વારા મુદ્દા નં. ૧૨,૧૫, ૧૯, ૨૨ તથા ૨૮ ની માહિતી નહીં પુરી પાડવા કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨–૩–૧૨ ધ્યાને લેતાં ૩૧–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩૦–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૧૩ અને ૨૩ અંગે દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા કરેલ પ્રસ્તાવ કાયદાની કલમ–૭(૩) અને ૭(૬) સાથે સુસંગત ન હોઈ, અરજદારને સદર નકલ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા તથા મુદ્દા નં. ૧૨, ૧૫, ૧૯, ૨૨ તથા ૨૮ ની નહીં પુરી પાડેલ માહિતી દફતરી વિગતે વિના મૂલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને ત.જાહેર માહિતી અધિકારી– સેન્ટ્રલઝોન, ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નીરવ પ્રવિણચંદ્ર અવસ્થી,